## સુરત મહાનગર સેવા સદન

સુરત શહેર, મોજે : વડોદ વિસ્તારની નગર રચના યોજના સુરત નં. ૬૩ (વડોદ) તૈયાર કરવા બાબત.

## અધિસુચન

નં. ટીડીપી/૪૬૩૬/૦૭.-ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૭-૧૨-૦૬ના હુકમ ક્રમાંક : યુડીએ-૧૧૨૦૦૬-૨૭૯૫-વ થી સુરત શહેરી વિકાસ સત્તા મંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની ડ્રાફ્ટ ટી. પી. સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગર સેવા સદનને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એકટ નં. ૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગર સેવા સદનનાં નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૪૨/૨૦૦૭ તા. ૬-૧૦-૨૦૦૭ થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૬૩ માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી દર્શાવેલ વડોદ વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં.-૬૩ (વડોદ) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગર સેવા સદનમાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગના નોટીસ બોર્ડ ઉપર, સુરત મહાનગર સેવા સદન, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત, ૯ માહે ઓક્ટોબર, સને ૨૦૦૭.

(સહી) અવાચ્ય,
કમિશનર,
સુરત મહાનગર સેવા સદન.

ઠરાવ :

સુરત મહાનગર સેવા સદનની નગર નિયોજન સમિતિની તા. ૬-૧૦-૨૦૦૭નાં રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :-

મ્યુ. કમિશ્નરશ્રીનાં તા. ૦૫-૧૦-૨૦૦૭નાં પત્ર નં. સીમીસ/૮/૩૦થી વિદિત થઈ, સુરત મહાનગર સેવા સદનની હદ સૂચિત મુસદારૂપ નગર રચના યોજના સુરત નં. ૬૩ (વડોદ) તૈયાર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખાથી દર્શાવેલ વિસ્તારમાં નગર રચના યોજના સુરત નં. ૬૩ (વડોદ) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧ (૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસુચન મંજુર કરવાનું તથા સદર અધિસુચનનો બહોળો ફેલાવો કરવા બે સ્થાનિક દૈનિકપત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું તથા ઈરાદો જાહેર કર્યા મુજબ તેને સરકારશ્રીનાં રાજ્યપત્રોમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવાં માટે મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં. ૪૨/૨૦૦૭ સર્વાનુમતે મંજુર**

---